# શહેરમાં ધુમ્મસની ચાદર છવાઈ

## ઠંડીનો પારો એક ડીગ્રી ગગડ્યો : પારો ૧૧ ડીગ્રી : આકરી ઠંડીથી શ્રમિકો બેહાલ

## મોર્નિંગ વોક કરનારા પણ પ્રભાવિત : જનજીવન અને જનઆરોગ્ય પર ઠંડીની અસર

ગાંધીનગર તા ૫

શહેરમાં શિયાળાની પ્રારંભિક તબક્કાથી જ પવનનુ જોર વધુ હોવાથી શિયાળાની મોસમ વધુ



આકરી પુરવાર થઇ રહી છે.આજે પણ ઠંડીનો પારો એક ડીગ્રી ગગડીને ૧૧ ડીગ્રીએ પહોંચી ગયો હતો. સવારથી જ વાતાવરણમાં અસહ્ય ઠંડી વર્તાઇ હતી. જો કે બપોરના સમયે થોડીવાર માટે ગરમીનો અહેસાસ પણ નગરજનોએ કર્યો હતો. મહત્તમ તાપમાન પણ એક ડીગ્રી ઉચંકાયુ હતુ.

ઉત્તર ભારતની સાથે દેશભરમાં ઠંડીનુ મોજુ ફરી વળ્યુ છે. જયારે ઉત્તરપ્રદેશમાં પણ કાતિલ ઠંડીના લીધે નાગરિકોની હાલત કફોડી બની છે. રાજસ્થાનમાં પણ કાતિલ ઠંડી અને ધુમ્મસના કારણે નાગરિકો પરેશાન છે. જયારે ઉત્તર ભારત ઠંડુગાર હોવાની સાથે ગુજરાતમાં પણ ઠંડીના પારાની ચઢ ઉતર જોવા મળી રહી છે. રોજબરોજ ઠંડીનો પારો ઉંચો નીચો થઇ રહ્યો છે. ગાંધીનગરમાં પણ ઠંડીનો મિજાજ રોજબરોજ બદલાય છે. આજે પણ ઠંડીનો પારો એક ડીગ્રી નીચે ગગડતા નગરજનોએ આક્રમક ઠંડી અનુભવી હતી. સવારથી જ અસહ્ય ઠંડીની અસર જનજીવન પર વર્તાઇ હતી. સવારે મોર્નિંગ વોક કરનારાઓની સંખ્યા પણ ઓછી જોવા મળી હતી. જયારે રવિવારે રજાનો દિવસ હોવાથી મોટાભાગના રહીશો સવારે મોડા સુધી ઘરમાં પુરાયેલા રહ્યા હતા. શહેરમાં શિયાળાની મોસમમાં અનોખો નિખાર જોવા મળી રહ્યો છે. ઠંડીનો પારો કયારેક ઉપર તરફ દોટ માંડે છે અત્યાર સુધી સિઝનની મહત્તમ ઠંડી ૧૦ ડીગ્રી નોંધાઈ છે. જયારે ઠંડીનો પારો પણ ચાર પાંચ ડી ગ્રી વચ્ચે ચઢ ઉતર થાય છે. છેલ્લા કેટલાક સમયથી ઠંડીના પ્રમાણમાં પ્રતિદિન એકાદ ડીગ્રીનો તફાવત જોવા મળી રહ્યો છે. ગઈકાલે લઘુત્તમ તાપમાન ૧૨ ડીગ્રી નોંધાયુ હતુ જયારે આજે ઠંડીનો પારો એક ડીગ્રી નીચે ઉતરતા લઘુત્તમ તાપમાન ૧૧ ડીગ્રી નોંધાયુ હતુ. સવારે ઠંડીનો ચમકારો અનુભવ્યા બાદ સાંજ ઢળતા જ વાતાવરણમાં કોલ્ડવેવની અસર પ્રબળ વર્તાઇ હતી. માર્ગો પર રાત્રિના સમયે સુનકાર પ્રવર્તયો હતો. નગરજનો ગરમ કપડામાં લપેટાયેલા નજરે પડતા હતા. જયારે શ્રમિકોએ રાત્રિના સમયે તાપણા સળગાવી ઠંડીથી રક્ષણ મેળવ્યુ હતુ.

ઠંડીના લીધે જનજીવન તેમજ જનઆરોગ્ય પણ પ્રભાવિત થયુ હતુ. નગરજનો આકરી ઠંડીથી બચવા માટે અનેક નુસખા અજમાવી રહ્યા છે. સવારે અને મોડી રાત્રિના સમયે પણ ધુમ્મસ જોવા મળી રહ્યુ છે. જો કે હજુ લઘુત્તમ તાપમાન ૧૦ ડીગ્રીની નીચે આવ્યુ નથી પરંતુ ઠંડીની સાથે આકરા પવનના સુસવાટાએ પણ શિયાળાને વધુ આકરો બનાવ્યો છે.

મોસમનો મિજાજ રોજબરોજ બદલાય છે. ઠંડીના પારાની ચઢ ઉતર વચ્ચે અત્યાર સુધી સિઝનની રેકર્ડ બ્રેક ઠંડી ૧૦ ડીગ્રી નોંધાઇ છે. જયારે સિઝન દરમિયાન ઠંડીનો પારો ૧૦ ડીગ્રીથી નીચે ઉતર્યો નથી. જો કે શહેરમાં હજુ નોંધપાત્ર ઠંડી નોંધાઇ નથી પરંતુ ઠંડીના દિવસોમાં

# ગાંધીનગરમાં ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ શિક્ષકોને જવાબદારીના પાઠ ભણાવ્યા

**માધ્યમિક શિક્ષકોના ૨૮માં અધિવેશનમાં શિક્ષણમંત્રીએ શિક્ષકોનો પાઠ લીધો : શિક્ષકોએ સામાજિક જવાબદારીની ચિંતા કરવી જોઇએ : ઉત્તરવહી ચકાસણીમાં બેદરકારી ચલાવાશે નહીં : ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવા સહીત મોબાઇલ મેનિયાક બનતા વિદ્યાર્થીઓને પુસ્તક તરફ વાળવા શિક્ષકો વધુ જાગૃત બને : શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા**




ગાંધીનગર તા ૫

શહેરના રામકથા મેદાનમાં આજે યોજાયેલા માધ્યમિક શિક્ષકોના અધિવેશનમાં શિક્ષણમંત્રીએ શિક્ષકોનો કાન આમળ્યા હતા. શિક્ષકોના રજુ થયેલા પ્રશ્નોને અનુલક્ષીને શિક્ષણમંત્રીનો પણ મિજાજ બદલાયો હતો. આ તબક્કે તેમણે શિક્ષકોને તંદુરસ્ત સમાજની રચના માટે પ્રયત્નશીલ રહેવા પણ જણાંવ્યુ હતુ આ ઉપરાંત ઉત્તરવહી ચકાસણીમાં પણ કોઈપણ બેદરકારી ચલાવી લેવાશે નહી લેવાય તેની સાથે સોશિયલ મિડીયામાં જોતરાયેલા વિદ્યાર્થીઓને વિવિધ ગેમ્સના દુષણોમાંથી ઉગારવા માટે પણ શિક્ષકોને સજાગ થવા જણાવ્યુ હતુ

શહેરના રામકથા મેદાનમાં આજેમાધ્યમિક શિક્ષણ મહામંડળનુ ૨૮ મુ અધિવેશન યોજવામા આવ્યુ હતુ જેમાં મોટી સંખ્યામાં માધ્યમિક શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. આ અધિવેશનમાં ઉપસ્થિત શિક્ષણમંત્રીએ જયારે મહામંડળના ઘણાં હોદેદારોએ શિક્ષણમંત્રી સાથે પ્રશ્નોત્તરી કરી હતી જયારે આ સ્થિતિ વચ્ચે મંત્રીનો મિજાજ પણ બદલાયો હતો શિક્ષણમંત્રીએ અધિવેશનમાં જ શિક્ષકોનો જ પિરિયડ લઇ લીધો હતો. તેમણે જણાંવ્યુ હતુ કે પરીક્ષામાં ગેરરીતી તેમજ ઉત્તરવહી ચકાસણીમાં બેદરકારી ચલાવાશે નહીં. તંદુરસ્ત સમાજની રચના માટે પણ શિક્ષકોએ પ્રયત્નશીલ રહેવુ જોઇએ. ગુજરાત માધ્યમિક શિક્ષણ સંઘના ૨૮ માં અધિવેશન આજે યોજાયુ હતુ આ તબક્કે શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા પણ ઉપસ્થિત રહ્યા હતા આ દરમિયાન તેમણે શિક્ષકોની વિવિધ માંગણીઓ સંદર્ભે ટકોરતા જણાંવ્યુ હતુ કે આ અધિવેશન માટે શિક્ષકોના પ્રશ્નોને અનુલક્ષીને યોજાયુ છે કે શુ .. શિક્ષકોની સામાજિક જવાબદારી પણ છે તેની પણ ચિંતા થવી જોઈએ. વધુમાં તેમણે જણાંવ્યુ હતુ કે કોઈ પ્રસ્તાવ તેમજ ઠરાવ વિના શિક્ષકોએ સામાજિક જવાબદારીને સમજી કામ કરવુ જોઈએ. ડ્રોપ આઉટ થતા બાળકોને પણ શાળાના પગથિયા ચઢાવવા પ્રયાસ કરવો જોઈએ. વિદ્યાર્થીઓના માથે શોસિયલ મિડીયાનુ ભુત ચઢયુ છે. પબજી સહીતની ગેમ્સના રવાડે ચઢયા છે. મોબાઈલ મેનિયાક બનતા વિદ્યાર્થીઓને પુસ્તક તરફ વાળવા માટે પણ શિક્ષકોએ જાગૃત બનવુ પડશે. સમાજમાં થતા જાતિય સતામણી સહીતના દુષણોને ડામવા અને તંદુરસ્ત સમાજની રચના માટે મહત્વની ભુમિકા નિભાવવી અનિવાર્ય છે. જયારે પરીક્ષામાં શિક્ષકો દ્વારા થતી ગેરરીતી તેમજ ભુલો પણ સાંખી લેવાશે નહીં. શિક્ષકોએ વિદ્યાર્થીના ગુણની નહીં પણ શાળા રાજયમાં કઇ સ્થિતિમાં છે તેનો સતત ખ્યાલ રાખવો જોઇએ ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી માતૃભાષામાં જ સફળ ન થાય તે શરમજનક બાબત ગણાય જે ધ્યાને રાખી શિક્ષક , સમાજ અને સરકારે સાથે મળી આ ચિંતા સેવવી જોઇએ.

# ગ્લોબલ પાટીદાર બીઝનેસ સમિટના સમાપને ટ્રાફિકજામના દશ્યો સર્જાયા

## અંતિમ દિવસે રવિવારની રજા હોવાથી મુલાકાતીઓનો ધસારો મોટા પ્રમાણમાં રહ્યો

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરમાં સેક્ટર-૧૭ ખાતેના પ્રદર્શન હોલમાં ત્રણ દિવસથી યોજાયેલ ગ્લોબલ પાટીદાર બીઝનેસ સમિટનું આજે સમાપન થયું છે. સમિટનો આજે અંતિમ દિવસ અને રવિવાર હોવાને કારણે આજે મુલાકાતીઓનો ધસારો ખૂબ મોટા પ્રમાણમાં વધી જવા પામ્યો હતો અને આંજના સમયે સમિટની આસપાસના વિસ્તાર સહિત શહેરના અનેક ચાર રસ્તો ટ્રાફિકજામ જેવી સ્થિતિ પણ જોવા મળી હતી.

સરદારધામ પ્રેરિત ગ્લોબલ પાટીદાર બીઝનેસ સમિટમાં ત્રણ દિવસ દરમ્યાન રાજ્યભરમાંથી પાટીદારો સહિત અન્ય મુલાકાતીઓ ઉમટી પડ્યાં હતા. આ સમિટમાં દેશ-વિદેશના મહેમાનો તથા ઉત્પાદકો-વેપારીઓ વગેરેએ પણ મુલાકાત લીધી હતી. પાટીદાર સમિટમાં યોજાયેલા પ્રદર્શનને જોવા-જાણવા

● અનુસંધાન પાન-૭ પર






સી એ એ ના સમર્થનમાં અને આમ નાગરિકોને સાચી સમજ આપવા ભાજપે ડોર ટુ ડોર અભિયાન હાથ ધર્યુ છે જે અન્વયે શહેરના જાણીતા અભિનેતા જનક ઠક્કરે વોર્ડ નં -૬ સે-૧૨ માં ઘરે ઘરે ફરીને સી એ એ અંગે જાણકારી આપી હતી તેમના દ્વારા સોશિયલ મિડીયાના માધ્યમથી સતત નાગરિકોને જાગૃત કરવા માટે પણ અપીલ કરવામાં આવી રહી છે.


# બાળમૃત્યુ દર મામલે રાજ્ય સંવેદનશીલ છે : નીતિન પટેલ

## ગુજરાતમાં શિશુનો મૃત્યુદર ઘટી ગયો છે : ગુજરાતભરમાં બાળ મૃત્યુદર ઘટ્યો છે, એક હજાર બાળકે ૩૦ બાળકોના મોત, પહેલા મૃત્યુદર વધારે હતો : સરકાર

ગાંધીનગર, તા.૫

રાજસ્થાનના કોટામાં એક જ માસમાં ૧૦૦ બાળકોનાં મોત નીપજ્યાં બાદ દેશભરમાં ચગેલા રાજકારણ બાદ હવે ગુજરાતમાં પણ રાજસ્થાનવાળી જોવા મળી છે. રાજકોટની સિવિલ હોસ્પિટલના સંકુલમાં આવેલી કે.ટી.ચિલ્ડ્રન હોસ્પિટલની સ્થિતિ તેના કરતા પણ ખરાબ છે. અહીં ૧૧૧ બાળકોનાં મોત થયા હોવાની વાત સામે આવી છે. તો બીજી તરફ એશિયાની સૌથી મોટી ગણાતી અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં ડિસેમ્બર મહિનામાં ૮૫ નવજાતના મોત નીપજયા હોવાનું સામે આવ્યું છે, તેને લઈ ગુજરાતમાં પણ હવે નવજાત શિશુ મૃત્યુદરને લઈ રાજકારણ ગંભીર રીતે ગરમાયું હતું. સમગ્ર રાજયમાં ભારે ચકચાર મચી જતાં રાજય સરકારના નાયબ મુખ્યમંત્રીએ સ્પષ્ટતા કરવી પડી હતી અને રાજયમાં નવજાત શિશુ મૃત્યુદર ઘટયો હોવાનો સરકાર તરફથી તેમણે દાવો કર્યો હતો. મુખ્યમંત્રી વિજય રૂપાણીના વિધાનસભા વિસ્તાર રાજકોટમાં છેલ્લા એક વર્ષમાં કુલ ૧૨૩૫ બાળકોના મોત નીપજયા હોવાનુ નોંધાયું છે. આ ઉપરાંત અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં છેલ્લા ૩ મહિનામાં જ ૨૫૩ બાળકો મોતને ભેટ્યા છે. અમદાવાદ અને રાજકોટની સિવિલ હોસ્પિટલના ચોંકાવનારા નવજાત શિશુ મૃત્યુના આંકડા સામે આવતાં ગુજરાતના રાજકારણમાં ભારે ખળભળાટ મચી ગયો હતો તો, સ્થાનિક પ્રજાજનોમાં પણ ભારે અરેરાટીની લાગણી પ્રસરવાની સાથે સાથે સરકાર અને સિવિલ હોસ્પિટલ તંત્ર અને સત્તાધીશોની કામગીરી સામે ગંભીર સવાલો ઉઠયા ત્યારે રાજય સરકાર તરફથી આજે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે મીડિયા સમક્ષ આવી સમગ્ર મામલે સ્પષ્ટતા કરી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, નવજાત બાળકોના મોત મામલે યોગ્ય તપાસ કરાશે. સરકાર દ્વારા સમગ્ર રિપોર્ટ વિવિધ સરકારી હોસ્પિટલથી મંગાવવામાં આવ્યો છે. બાળકોના મોત મામલે રાજ્ય સરકાર ગંભીર છે. બાળ મૃત્યુદર એક ચિંતાનો વિષય છે. નવજાત બાળકોના મોત મામલે હોસ્પિટલોના સુપરિટેન્ડન્ટ સાથ ચર્ચા ચાલી રહી છે. બાળકોના કુલ મૃત્યુઆંકમાં ખાનગી હોસ્પિટલના આંકડા પણ જોડ્યા છે. જો કે, પહેલા કરતા ગુજરાતમાં બાળ મૃત્યુદરનું પ્રમાણ ઘટ્યું છે. તેમણે ઉમેર્યું કે, દેશમાં સૌથી વધુ બાળ મૃત્યુદર (પ્રતિ એક હજારે ૪૭) મધ્યપ્રદેશમાં છે. જ્યારે સૌથી ઓછો ઓછો બાળ મૃત્યુદર કેરળમાં છે. ગુજરાતમાં બાળ મૃત્યુદર પ્રતિ એક હજારે ૩૦ છે. આ પહેલા ૧૯૯૭માં કોંગ્રેસના શાસન વખતે બાળ મૃત્યુદર ૬૨ ટકા હતો જે ૨૦૧૭માં ઘટીને ૩૦ ટકા થયો હતો.

સરકારી સગવડોને કારણે ગુજરાતમાં બાળ મૃત્યુદર ઘટ્યો છે. ગુજરાતમાં દર વર્ષે ૧૨ લાખ બાળકોનો જન્મ થાય છે જેમાંથી




૯૯ ટકા બાળકોની પ્રસુતિ હોસ્પિટલોમાં થાય છે. નવજાત બાળકોના મોત મામલે નીતિન પટેલે જણાવ્યું હતું કે, બાળકોના જન્મ બાદ ૨૧-૨૮ દિવસનો સમય અગત્યનો સમયગાળો હોય છે. શારીરિક બીમારી સાથે જન્મેલા બાળકોમાં મૃત્યુનું પ્રમાણ વધુ છે. જેથી રાજ્ય સરકાર ખાનગી નર્સિંગ હોમની મદદ લઈ રહી છે. પ્રાથમિક રીતે ગુજરાતમાં ૧ હજાર બાળકે ૩૦ બાળકોના મોત થાય છે અને ૧ લાખે ૮૭ મહિલા મૃત્યુદર છે. રાજયમાં, દર વર્ષે ૧૨ લાખ બાળકના સરેરાશ જન્મ થાય છે જેમાંથી ૧ હજાર બાળકે ૩૦ બાળકોના મોત થયા છે અને મોત પાછળ કુપોષણ પણ એક મોટો મુદ્દો છે.

# રાજ્યમાં રસાયણિક ખાતરનો પુરતો જથ્થો ઉપલબ્ધ છે

## રસાયણિક ખાતરના જથ્થાને લઇ આવેલા તમામ આક્ષેપને આપેલો રદિયો : યુરિયા ખાતરનો પુરતો સ્ટોક : પૂનમચંદ

અમદાવાદ,તા.૫

કૃષિ વિભાગના અધિક મુખ્ય સચિવ પૂનમચંદ પરમારે જણાવ્યું છે કે, રાજ્યમાં ચાલુ વર્ષે



રવિ અને ઉનાળુ ઋતુ માટે ઓગષ્ટ માસમાં ભારત સરકાર પાસે ૧૧.૦૦ લાખ મેટ્રિક ટન યુરિયા, ૨.૫૦ લાખ મેટ્રિક ટન ડી.એ.પી., ૨.૩૬ લાખ મેટ્રિક ટન એન.પી.કે. અને ૬૦ હજાર મેટ્રિક ટન એમ.ઓ.પી ખાતરની જરૂરિયાતો મંજુર કરવામાં આવેલ છે. આ ઉપરાંત યુરીયા ખાતરનો ૫૦,૦૦૦ મે ટન વધારાનો જથ્થો બફર સ્ટોક તરીકે પણ ફાળવેલ છે. પુનમચંદ પરમારે ઉમેર્યુ કે, રાજયમાં ચાલુ રવિ ઋતુમાં ૩૫.૪૬ લાખ હેક્ટરમાં વાવેતર થયેલ છે. જે સરેરાશ વાવેતર વિસ્તાર કરતાં ૧૩% વધુ છે. જેમાં, ઘઉં પાકમાં સરેરાશ વાવેતર કરતાં ૨૯% વધુ વિસ્તારમાં વાવેતર થયેલ છે. રવિ ઋતુના પ્રથમ ત્રણ માસ ઓક્ટોબર-૧૯ થી ડિસેમ્બર-૧૯ માસ દરમિયાન રાજ્યને ૬.૦૨ લાખ મેટ્રિક ટન યુરિયા ઉપલબ્ધ થયેલ છે. જાન્યુઆરી- ૨૦૨૦ માં રાજ્યમાં ૨.૧૦ લાખ મેટ્રિક ટનની જરૂરિયાત સામે ભારત સરકાર દ્વારા ૨.૨૦ લાખ મેટ્રિક ટન યુરિયા ખાતરનો જથ્થો ફાળવવામાં આવેલ છે. જે પૈકી પ્રથમ ચાર દિવસમાં ૩૨ હજાર મેટ્રિક ટન ખાતરનો જથ્થો રાજ્યના વિવિધ જિલ્લાઓમાં પહોંચતો કરવામાં આવ્યો છે. તેમણે કહ્યુ કે,હાલમાં, મહેસાણા, પાટણ, સાબરકાંઠા, અમદાવાદ અને આણંદ જિલ્લાના કેટલાક ચોક્કસ સ્થળોએ યુરિયા ખાતર ઉપલબ્ધ ન હોવાના અહેવાલો પ્રસિદ્ધ થયેલ છે. સદર જિલ્લાઓમાં યુરીયા ખાતરનો જથ્થો મહેસાણા, કાંકરીયા (અમદાવાદ), રણોલી (વડોદરા) અને આણંદ ખાતે રેલવે રેંક અને રોડ દ્વારા આગામી પાંચ દીવસમાં અંદાજીત ૧૦,૦૦૦ મેટ્રીક ટનનો જથ્થો પૂરો પાડવા માટે તાત્કાલિક વ્યવસ્થા કરવામાં આવેલી છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com